**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========================================================

## અમદાવાદ ખાતે ગુજરાત હાઈકોર્ટમાં

**આર/ક્રિમિનલ અપીલ નંબર ૬૫૧/૨૦૦૨**

**સાથે**

**ક્રિમિનલ મિસ. એપ્લિકેશન (ફોર ડિરેક્શન) નંબર ૧/૨૦૧૬**

**આર/ક્રિમિનલ અપીલ નંબર ૬૫૧/૨૦૦૨ માં**

**સાથે**

**આર/ક્રિમિનલ અપીલ નંબર ૭૦૫/૨૦૦૨**

**મંજૂરી અને સહી માટેઃ**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી વી. પી. પટેલ**

==========================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક અખબારોના રીપોર્ટર્સને ચુકાદો જોવાની મંજૂરી છે? | ના |
| ૨ | રીપોર્ટરને મોકલવામાં આવે કે નહીં? | હા |
| ૩ | શું ન્યાયમૂર્તિઓ ચુકાદાની આખરી નકલ જોવા માંગે છે? | ના |
| ૪ | શું આ કેસમાં ભારતીય બંધારણ અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈ હુકમના અર્થઘટન અંગે કાયદાનો કોઈ નોંધપાત્ર પ્રશ્ન સમાયેલ છે? | ના |

==========================================================

**મોહનલાલ અંબાલાલ પટેલ**

**વિરુદ્ધ**

**ગુજરાત રાજ્ય**

==========================================================

ઉપસ્થિતિ:

અપીલકર્તા(ઓ) નં. ૧ તરફે શ્રી નીતિન એમ. અમીન(૧૨૬)

સામાવાળા(ઓ) નં. ૧ તરફે સુશ્રી જીરગા ઝવેરી, આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર

==========================================================

કોરમ: **માનનીય ન્યાયમૂર્તિ શ્રી વી. પી. પટેલ**

## તારીખ: ૦૬/૦૨/૨૦૨૦

## મૌખિક ચુકાદો

૧. અપીલકર્તા – મોહનલાલ અંબાલાલ પટેલ – મૂળ આરોપી નં. ૨ અને અપીલકર્તા – મૂળ આરોપી નં. ૧ – ગિરીશચંદ્ર મોહનલાલ પટેલ – મૂળ આરોપી નં. ૧ દ્વારા સેશન્સ કેસ નં. ૧૮૯/૨૦૦૦ માં વિદ્વાન એડિશનલ સેશન્સ જજ, કોર્ટ નં. ૧૦, સિટી એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદ (જે હવે પછી "વિદ્વાન ટ્રાયલ કોર્ટ" તરીકે ઉલ્લેખિત છે) દ્વારા પસાર કરવામાં આવેલ તારીખ ૧૧.૭.૨૦૦૨ ના તેમના દોષિત ઠરાવતા હુકમને પડકારતી ધ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૯૭૩ (જે હવે પછી "સદર કોડ" તરીકે ઉલ્લેખિત છે) ની કલમ ૩૭૪ હેઠળ અનુક્રમે બે અલગ ક્રિમિનલ અપીલો એટલે કે ક્રિમિનલ અપીલ નં. ૬૫૧/૨૦૦૨ અને ક્રિમિનલ અપીલ નં. ૭૦૫/૨૦૦૨ દાખલ કરવામાં આવેલ છે. વિદ્વાન ટ્રાયલ કોર્ટે અપીલકર્તાને નીચે મુજબ સજા ફરમાવેલ છે:

મૂળ આરોપી નં. ૨ – મોહનલાલ અંબાલાલ પટેલને

| ક્રમ | ગુનો | સજા અને દંડ | કસરના કિસ્સામાં સજા |
|---|---|---|---|
| ૧ | ધ ઈન્ડિયન પીનલ કોડની કલમ ૪૯૮એ સાથે વંચાણે લેતા કલમ ૧૧૪ | ૧ વર્ષની સખત કેદ અને ₹૩૦૦૦ નો દંડ | ૬ માસની સાદી કેદ |
| ૨ | ધ ડાઉરી પ્રોહિબિશન એક્ટની કલમ ૪ | ૧ વર્ષની સખત કેદ અને ₹૫૦૦૦ નો દંડ | ૯ માસની સાદી કેદ |

મૂળ આરોપી નં. – ગિરીશચંદ્ર મોહનલાલ પટેલને

| ક્રમ | ગુનો | સજા અને દંડ | કસરના કિસ્સામાં સજા |
|---|---|---|---|
| ૧ | આઈ.પી.સી.ની કલમ ૪૯૮એ સાથે વંચાણે લેતા કલમ ૧૧૪ | ૩ વર્ષની સખત કેદ અને ₹૩૦૦૦ નો દંડ | ૬ માસની સાદી કેદ |
| ૨ | ધ ડાઉરી પ્રોહિબિશન એક્ટની કલમ ૪ | ૧ વર્ષની કેદ અને ₹૫૦૦૦ નો દંડ | ૯ માસની સાદી કેદ |
| ૩ | આઈ.પી.સી.ની કલમ ૩૦૬ | ૫ વર્ષની સખત કેદ અને ₹૩૦૦૦ નો દંડ | ૧ વર્ષની સાદી કેદ |

નોંધ: આરોપીઓએ તમામ સજાઓ એકસાથે ભોગવવાની રહેશે.

આરોપીઓ સેટ ઓફ મેળવવા હકદાર છે.

૨. અપીલકર્તાઓ તરફે વિદ્ધાન વકીલ શ્રી નીતિન અમીન અને સામાવાળા – રાજ્ય તરફે વિદ્ધાન આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર સુશ્રી જીરગા ઝવેરીને સાંભળવામાં આવ્યા.

કેસની હકીકતો:

૩. મૂળ ફરિયાદી હરગોવિંદભાઈ અંબારામદાસ પટેલે જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર સમક્ષ ફરિયાદ નોંધાવેલ, જે આઇ.પી.સી.ની કલમો ૪૯૮(એ), ૩૦૬ અને ૧૧૪ તેમજ ધ ડાઉરી પ્રોહિબિશન એક્ટની કલમો ૩ અને ૭ હેઠળના ગુના માટે આઈ–સીઆર નં. ૧૨૬/૧૯૯૭ તરીકે નોંધવામાં આવેલ.

૩.૧ ફરિયાદ મુજબ, ફરિયાદપક્ષનો કેસ એવો છે કે મૃતકના પિતા હરગોવિંદભાઈ એક સરકારી કર્મચારી છે, જેમને બે પુત્રીઓ અને એક પુત્ર છે. અરુણા મોટી પુત્રી છે જેના લગ્ન અમદાવાદ ખાતે થયેલ જ્યારે મૃતક રેણુકા નાની પુત્રી હતી જેના લગ્ન તારીખ ૧૭.૨.૧૯૯૭ ના રોજ એ–૧ સાથે થયેલ. મૃતક રેણુકાએ તેના લગ્ન બાદ વર્ષ ૧૯૯૭માં બી.એ. સુધીનો અભ્યાસ કર્યો હતો. લગ્ન તેમના રીત–રિવાજો મુજબ કરવામાં આવ્યા હતા અને સાસરિયાઓની માંગણી મુજબ પુત્રીને ૨૦ તોલા સોનું, ઘરવખરીનો સામાન અને રૂપિયા ૧૭૦૦/– ની ટાઈટન ઘડિયાળ તથા ૧.૫ તોલા સોનાની લકી પણ આપવામાં આવી હતી. મૃતક અમદાવાદમાં સીટીએમ ખાતે સુરજ બંગલોઝમાં તેના સાસરિયાઓ સાથે રહેતી હતી અને તે વારંવાર માતા–પિતાના ઘરે આવતી હતી જ્યાં તે ફરિયાદ કરતી હતી કે પતિને આપવામાં આવેલી કાંડા ઘડિયાળ સાસરિયાઓને ખૂબ સસ્તી લાગી હતી અને તે બાબતે તેને મેણાં–ટોણાં મારવામાં આવતા હતા. મૃતકના પતિ એ–૧ એ પણ મોંઘી કાંડા ઘડિયાળની માંગણી કરી હતી અને લગ્ન સમયે આપવામાં આવેલી ઘડિયાળ પહેરવા પ્રત્યે નાપસંદગી દર્શાવી હતી. તેણે ત્યાં સુધી કહ્યું હતું કે જો મોંઘી કાંડા ઘડિયાળ આપવામાં નહીં આવે તો તેનું જીવન દયનીય બનાવી દેવામાં આવશે અને તે જીવી શકે તેવી સ્થિતિમાં રહેશે. તેના પતિએ પણ તેને વારંવાર માર માર્યો હતો. જન્માષ્ટમીના સમયે તેને તેના સાસરિયાઓ દ્વારા તેના માતા–પિતાના ઘરે મૂકી જવામાં આવી હતી અને તેમણે ખાતરી આપી હતી કે તેઓ એક અઠવાડિયા પછી તેને પાછી લેવા આવશે. મૃતકે

તેના માતા–પિતાને જણાવ્યું હતું કે આરોપીએ કારખાનું શરૂ કરવા માટે રૂપિયા ૨ લાખની માંગણી કરી હતી અને જો તે માંગવામાં આવેલા નાણાં નહીં લાવે તો તેઓ તેને પાછી લઈ જશે નહીં અને તેનો સ્વીકાર કરશે નહીં. જો કે, મૃતકના પતિને વારંવાર ટેલિફોન કરવા છતાં માત્ર મૃતકના સસરા તેમની પુત્રીને લેવા આવ્યા હતા, તે સમયે મૃતકના પિતાએ તેમને જણાવ્યું હતું કે તેઓ તેમના દ્વારા માંગવામાં આવેલ રૂપિયા ૨ લાખની જંગી રકમની વ્યવસ્થા કરી શકે તેમ નથી. આ સાંભળીને સસરા નારાજ થયા હતા અને તેમની પુત્રી સાથે જતા રહ્યા હતા. નણંદ અને મોટી પુત્રી અરુણા અમદાવાદમાં રહેતા હતા પરંતુ મૃતક રેણુકાને પતિ અથવા સાસરિયાઓ દ્વારા તેમાંથી કોઈની પણ મુલાકાત લેવાની મંજૂરી આપવામાં આવતી ન હતી. નવરાત્રીના પ્રથમ દિવસે તેની બહેન કાશીબેન અને ભાભી ઈચ્છાબેન તેના ઘરે ગયા હતા અને તેની પત્નીએ રેણુકા માટે ભેટ તરીકે ચણિયાચોળી અને સોનાનો ચેઈન મોકલ્યો હતો. જ્યારે તારીખ ૫.૧૦.૧૯૯૭ ના રોજ બનાવ બન્યો ત્યારે તેને તેના પાડોશી નારણદાસ ભુદરદાસ દ્વારા જાણ કરવામાં આવી હતી કે રેણુકાએ આપઘાત કરી લીધો છે અને રેણુકાના પાડોશી રામનભાઈ પટેલે પણ તેને ફોન કર્યો હતો. તેઓએ તેને તેના બેડરૂમમાં છતના પંખા સાથે લટકતી જોઈ હતી જે અંદરથી બંધ હતો અને તેની ભાભી ઈચ્છાબેન હાજર હતા. ઈચ્છાબેને જણાવ્યું કે રેણુકાને ચણિયાચોળી અને સોનાનો ચેઈન લેવા માટે બોલાવવામાં આવી હતી પરંતુ આરોપીએ તેને તેના ઘરે જવાની ના પાડી દીધી હતી અને આરોપી નં. ૧ એ તેને માર પણ માર્યો હતો. તેમના

જણાવ્યા મુજબ, સતત શારીરિક અને માનસિક ક્રૂરતાના કારણે તેણે આપઘાત કર્યો છે. દહેજની માંગણી તેઓએ ક્યારેય સંતોષી ન હોવાથી ક્રૂરતા આચરવામાં આવી હતી અને તે મતલબની ફરિયાદ તેના દ્વારા તારીખ ૫.૧૦.૧૯૯૭ ના રોજ જ પોલીસને આપવામાં આવી છે.

૪. તપાસ પૂર્ણ થયા બાદ તપાસ કરનાર અધિકારીએ વિદ્વાન ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી જે તારીખ ૧૫.૧૨.૧૯૯૭ ના રોજ ક્રિમિનલ કેસ નં. ૧૭૫૨/૧૯૯૭ તરીકે નોંધવામાં આવી હતી. વિદ્વાન મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં. ૧૯, અમદાવાદે આ કેસ સેશન્સ કોર્ટ દ્વારા ચલાવવાપાત્ર હોવાથી સદર કોડની કલમ ૨૦૯ હેઠળ સેશન્સ કોર્ટને કમિટ કર્યો હતો. સદર કેસ સેશન્સ કેસ નં. ૧૮૯/૨૦૦૦ તરીકે નોંધવામાં આવ્યો હતો.

૫. વિદ્વાન એડિશનલ સેશન્સ જજ, અમદાવાદ સિટી સિવિલ કોર્ટે તારીખ ૧૧.૪.૨૦૦૧ ના રોજ ધ ડાઉરી પ્રોહિબિશન એક્ટની કલમો ૩ અને ૭, તથા આઈ.પી.સી.ની કલમ ૪૯૮, ૩૦૬ સાથે વંચાણે લેતા કલમ ૧૧૪ અને ૩૦૪ હેઠળના ગુના માટે આંક ૨ પર તોહમત ઘડ્યું હતું. આરોપીઓએ તોહમતનો ઈનકાર કર્યો હતો અને કેસ ચલાવવાની માંગ કરી હતી. ફરિયાદપક્ષે ૧૦ સાક્ષીઓની તપાસ કરી છે અને ૧૨ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા છે. ટ્રાયલ કોર્ટે સદર કોડની કલમ ૩૧૩ હેઠળ વધુ નિવેદન નોંધ્યું છે જેમાં અપીલકર્તાએ ફરિયાદપક્ષના કેસનો ઈનકાર કર્યો છે અને જણાવ્યું છે કે મૃતક રેણુકા માનસિક બિમારીથી પીડિત હતી અને તેની સારવાર ચાલી રહી હતી. તેઓએ શા માટે આ

પગલું ભર્યું તે તેઓ કહી શકે તેમ નથી. તેઓ આ સિવાય કંઈ કહેવા માંગતા નથી. તેમની સામે ખોટો કેસ કરવામાં આવ્યો છે. વિદ્વાન ટ્રાયલ કોર્ટે સદર કોડની કલમ ૩૧૪ હેઠળ ફરિયાદપક્ષ તરફે વિદ્વાન પબ્લિક પ્રોસિક્યુટર અને બચાવપક્ષ તરફે વિદ્વાન વકીલને સાંભળ્યા છે અને વાદગ્રસ્ત હુકમ પસાર કર્યો છે.

**અપીલકર્તાની દલીલો:**

૬. અપીલકર્તાઓ તરફે વિદ્વાન વકીલે રજૂઆત કરી છે કે બનાવના સ્થળે ત્રણ પોલીસ અધિકારીઓ હાજર હતા તેમ છતાં એફઆઈઆર નોંધાવવામાં ૯ કલાકનો વિલંબ થયો છે. તેમણે રજૂઆત કરી કે એફઆઈઆર નોંધાવવામાં થયેલ વિલંબ અંગે કોઈ ખુલાસો રજૂ કરવામાં આવ્યો નથી. કે સત્તાવાળા પોલીસ દ્વારા બપોરે ૨:૩૦ વાગ્યે એફઆઈઆર નોંધવામાં આવી છે. ફરિયાદ નોંધતા પહેલાં બનાવના સ્થળનું પંચનામું અને ઇન્કવેસ્ટ પંચનામું કરવામાં આવેલ હતું. કે સવારે ૯:૩૦ વાગ્યાથી ફરિયાદી હાજર હોવા છતાં ઇન્કવેસ્ટ પંચનામું આશરે ૧૩:૧૪ કલાકે કરવામાં આવેલ અને બનાવના સ્થળનું પંચનામું ૧૪:૦૦ કલાકે કરવામાં આવેલ હતું. કે ફરિયાદપક્ષના સાક્ષી–૩ ઈચ્છાબેન દિનેશભાઈ પટેલ દ્વારા વર્ણવ્યા મુજબ આરોપી નં. ૧ દ્વારા મૃતકને બે લાફા મારવાના બનાવ અંગેની હકીકત માનવાલાયક નથી કારણ કે, ફરિયાદ મુજબ, ફરિયાદીએ ઈચ્છાબેનને પૂછ્યું હતું કે શું થયું હતું? તેણે પોતાની જાતે ફરિયાદીને સદર બનાવ અંગે કંઈ જણાવ્યું ન હતું. તેથી ઉપર મુજબ વર્ણવેલી વાર્તા શંકાસ્પદ છે.

વધુમાં એવી દલીલ કરવામાં આવી છે કે ઈચ્છાબેન બનાવના સ્થળથી ૫ મિનિટના અંતરે રહેતા હોવાથી તેમનું આચરણ પણ શંકાસ્પદ છે. એવી પણ દલીલ કરવામાં આવી છે કે ફરિયાદીના ઘરે તેમજ મૃતકના સાસરે ટેલિફોનની સુવિધા ઉપલબ્ધ હોવા છતાં, ફરિયાદીને સીધી જાણ કરવામાં આવી ન હતી. ફરિયાદપક્ષ આઈ.પી.સી.ની કલમ ૩૦૬ હેઠળનો ગુનો સાબિત કરી શક્યું નથી. તેમણે બંને અપીલો મંજૂર કરવા અને ટ્રાયલ કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલ દોષિત ઠરાવતો હુકમ રદ કરવા અને અપીલકર્તા–આરોપીને નિર્દોષ છોડી મૂકવા અરજ કરી હતી.

**ફરિયાદપક્ષની દલીલો:**

૭. વિદ્વાન આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટરે દલીલ કરી છે કે વિદ્વાન સેશન્સ જજ દ્વારા પસાર કરવામાં આવેલ દોષિત ઠરાવતો હુકમ કાયદા અને રેકર્ડ પરના પુરાવા મુજબનો છે. કે વિદ્વાન સેશન્સ જજે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું તેના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન કર્યું છે. કે ફરિયાદપક્ષે આઈ.પી.સી.ની કલમો ૪૯૮એ અને ૩૦૬ તથા ધ ડાઉરી પ્રોહિબિશન એક્ટની કલમ ૪ હેઠળના ગુનાના તત્વો સાબિત કર્યા છે. કે ફરિયાદપક્ષે ફરિયાદી અને અન્ય સાક્ષીઓની તપાસ કરી છે. તેઓએ ફરિયાદપક્ષના કેસનું સમર્થન કર્યું છે અને અપીલકર્તા આરોપી સામે મૂકવામાં આવેલ તોહમત સાબિત કર્યું છે. કે વિદ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલ ચુકાદો અને હુકમ કાયદેસર અને સાચા છે અને

વાદગ્રસ્ત ચુકાદા અને હુકમમાં દખલ કરવાની કોઈ જરૂર નથી. તેથી વિદ્વાન આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટરે અપીલ નામંજૂર કરવા અરજ કરી હતી.

**વધારાના પુરાવા અંગે:**

૮. હાલના અપીલકર્તાએ વધારાના પુરાવા રજૂ કરવા માટે સીઆર.પી.સી.ની કલમ ૩૯૧ હેઠળ ક્રિમિનલ અપીલ નં. ૬૫૧/૨૦૦૨ માં ક્રિમિનલ મિસ. એપ્લિકેશન નં. ૬૭૨૩/૨૦૧૬ દાખલ કરેલ છે. તેમાં ફકરા ૧૪(એ), (બી) અને (સી) મુજબની દાદ માટે દાવો કરવામાં આવ્યો છે જે નીચે મુજબ છે:

*"૧૪. હકીકતો, સંજોગો અને સુનાવણી સમયે રજૂ કરવામાં આવે તેવા અન્ય કારણોને ધ્યાનમાં લેતા, એવી અરજ છે કે મહેરબાની કરશો;*

*(એ) જીઆઈડીસી પોલીસ સ્ટેશન, અમદાવાદમાં નોંધાયેલ સી.આર. નં. આઈ–૧૨૬/૧૯૯૭ ની એફઆઈઆરની તપાસ દરમિયાન તપાસ કરનાર અધિકારી દ્વારા નોંધવામાં આવેલ કેસ ડાયરી તેમજ ડૉ. સુભાષચંદ્ર અગ્રવાલનું નિવેદન રજૂ કરવાનો સામાવાળાને નિર્દેશ આપવા;*

*(બી) સદર કોર્ટ દ્વારા ચલાવવામાં આવેલ સેશન્સ કેસ નં. ૧૮૯/૨૦૦૦ ની કાર્યવાહીમાં વધારાના પુરાવા તરીકે ડૉ. સુભાષચંદ્ર અગ્રવાલના પુરાવા નોંધવાનો સિટી સેશન્સ કોર્ટ, અમદાવાદને નિર્દેશ આપવા, અથવા તેના વિકલ્પે;*

*(સી) સદર માનનીય કોર્ટમાં આ અપીલની કાર્યવાહીમાં વધારાના પુરાવા તરીકે ડૉ. સુભાષચંદ્ર અગ્રવાલના પુરાવા નોંધવા;"*

૮.૧ અપીલકર્તા તરફે વિદ્વાન વકીલે રજૂઆત કરી છે કે વધારાના પુરાવા ધ્યાનમાં લેવા જરૂરી છે કારણ કે તે ફરિયાદપક્ષ દ્વારા છુપાવી રાખવામાં આવ્યા છે. જો વિદ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા આવા પુરાવા ધ્યાનમાં લેવામાં આવ્યા હોત, તો અપીલકર્તાને તેનો લાભ મળ્યો હોત. વધુમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે રેકર્ડ પર જે વધારાનો પુરાવો રજૂ થવા જઈ રહ્યો છે તે તપાસ દરમિયાન આઈ.ઓ. દ્વારા નોંધવામાં આવેલ ડૉક્ટરનું નિવેદન અને મૃતક રેણુકાબેનની સારવાર માટે ડૉક્ટર દ્વારા આપવામાં આવેલ તબીબી પ્રમાણપત્ર છે.

૮.૨ વિદ્વાન આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટરે દલીલ કરી છે કે ફરિયાદપક્ષ તેની પસંદગીના પુરાવા રજૂ કરીને કેસ સાબિત કરવા માટે મુક્ત છે. જો ફરિયાદપક્ષને એમ લાગે કે અમુક પુરાવા આરોપીનો ગુનો સાબિત કરવા માટે પૂરતા છે, તો ફરિયાદપક્ષ દ્વારા અન્ય કોઈ પુરાવા રજૂ કરવાની જરૂર રહેતી નથી. ટ્રાયલ સમયે વિદ્વાન આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટરે ડૉક્ટરના પુરાવા છુપાવ્યા ન હતા પરંતુ આરોપીનો ગુનો સાબિત કરવા માટે તે જરૂરી ન હતું. તેથી જે ડૉક્ટર દ્વારા મૃતકની મનોવૈજ્ઞાનિક સારવાર કરવામાં આવી હતી તેમની તપાસ કરવામાં આવી નથી.

૮.૩ આરોપી તરફે વિદ્વાન વકીલે ઈલિયાસ વારિસભાઈ શેખ વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને અન્ય ૧ ના કેસમાં ૨૦૦૭ (૨) ક્રાઈમ ૯૦ (ગુજરાત) માં નોંધાયેલા ચુકાદા પર આધાર રાખ્યો છે. માનનીય કોર્ટે ફકરા ૨૮ અને ૩૪ માં નીચે મુજબ અવલોકન કર્યું છે:

*"૨૮. રેકર્ડ પર આ વધારાના પુરાવા લેતી વખતે, કોર્ટે નીચેના નિર્ણયો ધ્યાનમાં લીધા છે જે કોર્ટ સમક્ષ ટાંકવામાં આવ્યા છે–*

*(એ) રામભાઉ અને અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના કેસમાં, એવું ઠરાવવામાં આવ્યું છે કે ન્યાયિક કાર્યવાહીની આખરીયતનો સિદ્ધાંત કલમ ૩૯૧ હેઠળની સત્તાનો ઉપયોગ કરવાના કારણે કોઈપણ રીતે રદ થતો નથી અથવા અસર પામતો નથી કારણ કે તે ડી નોવો ટ્રાયલને ટાળે છે. તે ખામી પૂરવા માટે નથી પરંતુ ન્યાયના હેતુને સિદ્ધ કરવા માટે છે.*

*(બી) કૈલાશબેન ભવાનીશંકર વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં, સદર કોર્ટે આરોપી દ્વારા રજૂ કરાયેલ સાક્ષીઓના નિવેદનની નકલો સાથે વધારાના પુરાવા માટેની અરજી ધ્યાનમાં લેતા અને કેસ ડાયરી તથા સાક્ષીઓના મૂળ નિવેદનો મંગાવ્યા બાદ એવું જોયું કે ફરિયાદપક્ષે કોર્ટ સમક્ષ પ્રસ્તુત સાહિત્ય છુપાવ્યું હતું. એવું ઠરાવવામાં આવ્યું હતું કે બનાવ સમયે હાજર અને તરત જ સ્થળ પર આવી ગયેલા સાક્ષીઓનાં નિવેદનો નોંધવામાં આવ્યા હોવા છતાં તેમની તપાસ કરવામાં આવી ન હતી. પબ્લિક પ્રોસિક્યુટર પોતાની ફરજો બજાવવામાં નિષ્ફળ*

ગયા હતા. તેથી, હકીકતો આરોપીની તરફેણમાં હોય તો પણ સાચી અને સંપૂર્ણ હકીકતો કોર્ટ સમક્ષ મૂકવી જોઈએ. હાલના કેસમાં પણ, નિકાહ સમયે હાજર સાક્ષીઓનાં નિવેદનો નોંધવામાં આવ્યા હોવા છતાં તેમની તપાસ કરવામાં આવી નથી.

(સી) સદર કોર્ટ દ્વારા ગુલામમોહમ્મદ મોહમ્મદ યુસુફ સૈયદ વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં પણ આવો જ દ્રષ્ટિકોણ અપનાવવામાં આવ્યો છે, જેમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે વધારાના પુરાવા જરૂરી હોવા જોઈએ કારણ કે તેના વિના ચુકાદો સંભળાવવો અશક્ય છે તેમ નહીં પરંતુ તેમ કર્યા વિના ન્યાય નિષ્ફળ જશે અને આખરે વધારાના પુરાવા નોંધવાની મંજૂરી આપતો હુકમ કરવામાં આવ્યો હતો. હાલના કેસમાં, નિકાહનામું અને સાક્ષીઓનાં નિવેદનો પૂરતા પ્રમાણમાં સાબિત કરે છે કે જો આ ભૌતિક અને મહત્વનો પુરાવો ફરિયાદપક્ષ દ્વારા છુપાવવામાં ન આવ્યો હોત તો ફરિયાદપક્ષનો કેસ પોતાના પગ પર ટકી શક્યો ન હોત અને સંપૂર્ણપણે પડી ભાંગ્યો હોત.

(ડી) સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ સતવારા કલ્યાણજી માવજીના કેસમાં, સદર કોર્ટે સમાન દ્રષ્ટિકોણ અપનાવ્યો છે અને કેસના ન્યાયી નિર્ણય માટે તે આવશ્યક હોવાનું ઠરાવીને વધારાના પુરાવાની મંજૂરી આપી છે.

(ઈ) વિશાળ રાજેન્દ્ર ત્રિવેદી વિરુદ્ધ ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં, સદર કોર્ટે ઠરાવ્યું હતું કે જો કોર્ટની તાત્કાલિક અને અગત્યની ચિંતા ન્યાય કરવાની હોય

અને જો ખરેખર એવી કોઈ સામગ્રી હોય જે ન્યાયિક અંતઃકરણને સ્પર્શતી હોય અને અપીલ કરતી હોય તો સાક્ષીઓની તપાસ ન કરવી એ ન્યાયનું મોં બંધ કરી દેવા સમાન ગણાશે. જો સંજોગો માંગ કરતા હોય, તો કોર્ટ કોઈપણ કિંમતે તેનું જે પણ મૂલ્ય હોય તેના માટે તેને ધ્યાનમાં લેવા ફરજ–બદ્ધ છે.

(એફ) પોપ્યુલર મુથૈયાના કેસમાં માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા ઠરાવ્યા મુજબ, હાઈકોર્ટ ન્યાયના હિતમાં સ્વમેળે અંતર્નિહિત સત્તાઓનો ઉપયોગ કરી શકે છે. તે અપીલ અથવા રિવિઝનલ હકૂમતમાં કરી શકાય છે અને તે માટે કોઈ ઔપચારિક અરજી કરવી જરૂરી નથી. તે વાસ્તવિક તેમજ પ્રક્રિયાત્મક બાબતોના સંબંધમાં વાપરી શકાય છે. કાર્યવાહીના સ્વરૂપને ધ્યાનમાં લીધા વિના આનુષંગિક અથવા પૂરક સત્તાના સંબંધમાં તેનો ઉપયોગ કરી શકાય છે. અંતર્નિહિત હકૂમત ઉપરાંત, હાઈકોર્ટ ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૭ હેઠળ અને કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૯૭૩ ની કલમ ૪૮૨ હેઠળ દેખરેખની હકૂમતનો ઉપયોગ કરી શકે છે.

૩૪. અમે આરોપીને વધારાનો પુરાવો રજૂ કરવાની મંજૂરી આપી હોવાથી અને એફિડેવિટના સ્વરૂપમાં સદર વધારાનો પુરાવો આ અપીલનો નિર્ણય કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવ્યો હોવાથી, ક્રિમિનલ મિસ. એપ્લિકેશન નં. ૧૭૧૪/૨૦૦૪ તદનુસાર મંજૂર કરીને નિકાલ કરવામાં આવે છે."

૮.૪ સદર કોર્ટે અપીલકર્તા આરોપી તરફે વિદ્ધાન વકીલ અને સામાવાળા – ગુજરાત રાજ્ય તરફે વિદ્ધાન આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર દ્ધારા કરવામાં આવેલી દલીલો ધ્યાનમાં લીધી છે, સદર કોર્ટે ઉપર દર્શાવેલ ચુકાદામાં આ કોર્ટ દ્ધારા પ્રસ્થાપિત સિદ્ધાંતને ધ્યાનમાં લીધો છે અને આઈ.ઓ. દ્ધારા નોંધવામાં આવેલ નિવેદન તથા વધારાના પુરાવા તરીકે રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાનું પણ અવલોકન કર્યું છે. ન્યાયના હિતમાં, અરજદાર – મોહનલાલ અંબાલાલ પટેલ (મૂળ આરોપી નં. ૨) દ્ધારા દાખલ કરવામાં આવેલ વધારાના પુરાવા રજૂ કરવા માટેની ક્રિમિનલ મિસ. એપ્લિકેશન નં. ૬૭૨૩/૨૦૧૬ મંજૂર કરવાપાત્ર છે અને તદનુસાર મંજૂર કરવામાં આવે છે. જે વધારાનો પુરાવો રજૂ કરવા માંગ કરવામાં આવી છે તે રેકર્ડ પર લેવામાં આવે છે. અરજીનો તદનુસાર નિકાલ કરવામાં આવે છે. વધારાના પુરાવાનું સાક્ષ્ય મૂલ્ય હવે પછી ચર્ચવામાં આવશે.

**કેસના ગુણદોષ:**

૯. અપ્રાકૃતિક મૃત્યુ: ફરિયાદપક્ષનો કેસ એવો છે કે મૃતક રેણુકાએ ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો છે. ફરિયાદપક્ષનો વધુમાં કેસ એવો છે કે અપીલકર્તાઓએ મૃતક રેણુકા દ્ધારા કરવામાં આવેલ આપઘાતમાં દુષ્પ્રેરણા કરી છે.

૧૦. ફરિયાદપક્ષે આંક ૧૭ પર ફરિયાદપક્ષના સાક્ષી–૪ ડૉ. નરેન્દ્રભાઈ ગુણવંતરાય જોશીની તપાસ કરી છે. તેમણે મૃતક રેણુકાબેનના શબ પર પોસ્ટ

મોર્ટમ કર્યું હતું. તે બપોરે ૩:૧૦ વાગ્યે શરૂ થયું હતું અને બપોરે ૪:૧૦ વાગ્યે પૂર્ણ થયું હતું. પી.એમ. ડૉ. સી.બી. દરજીની પેનલ સાથે કરવામાં આવ્યું હતું. તેમને જણાયું કે સમગ્ર શરીર પર રિગર મોર્ટિસ હાજર હતું, હાથ અને બંને નીચેના અંગો પર પી.એમ. લિવિડીટી હતી, ચહેરો નિસ્તેજ હતો, આંખો બંધ હતી, મોં અડધું ખુલ્લું હતું અને ઉપલા અને નીચલા જડબાના દાંત વચ્ચે જીભનો ભાગ વાદળી રંગનો જોવા મળ્યો હતો. તપાસ કરતાં બાહ્ય ઈજા એટલે કે ગળાની આસપાસ લિગેચર પીળાશ પડતો દુપટ્ટો, લિગેચરનો ઘેરાવો જોવા મળ્યો હતો. બાહ્ય ઈજા – ગળાની આસપાસ લિગેચરનું નિશાન, થાઈરોઈડ ઉપરની તરફ અને પાછળની તરફ, ગળાની જમણી તરફ. ગાંઠનું નિશાન ૨૬ અને ૧.૫ હતું અને બાહ્ય ઈજાઓ મૃત્યુ પૂર્વેની હતી. તપાસ કરતાં આંતરિક ઈજા જણાઈ હતી કે ડાયાફ્રામ, જમણું ફેફસું, ડાબું ફેફસું કન્જેસ્ટેડ હતા. લિગેચરના નિશાન નીચેની પેશી સુકાયેલી અને સફેદ હતી, પેરીટોનીયમ કન્જેસ્ટેડ હતું, લીવર, કિડની અને પિત્તાશય કન્જેસ્ટેડ હતા. મૃત્યુનું કારણ ફાંસો ખાવાને કારણે શ્વાસ રુંધાવાનું હતું. પી.એમ. રિપોર્ટ વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ આંક ૧૮ દ્વારા રજૂ કરવામાં આવ્યો છે. મૃત્યુનું પ્રમાણપત્ર પણ આંક ૧૯ પર રજૂ કરવામાં આવ્યું છે. આ સાક્ષીએ પી.એમ. રિપોર્ટ પર અને તેમના દ્વારા બનાવવામાં આવેલ મૃત્યુના કારણના પ્રમાણપત્ર પરની સહી ઓળખી બતાવી છે. ઉલટતપાસમાં એ કબૂલ કરવામાં આવ્યું છે કે મૃતકના શરીર પર લિગેચરના નિશાન સિવાય અન્ય કોઈ બાહ્ય ઈજા નથી.

૧૧. ફરિયાદપક્ષે આંક ૨૭ પર ઇન્ક્વેસ્ટ પંચનામું રજૂ કર્યું છે. સદર પંચનામું સીઆર.પી.સી.ની કલમ ૨૯૪ હેઠળ આરોપી દ્વારા સ્વીકારવામાં આવેલ છે અને તે મુજબ તેને આંક આપવામાં આવ્યો હતો. ઇન્ક્વેસ્ટ પંચનામું જોતાં જણાય છે કે ગળા પર ગાંઠવાળો દુપટ્ટો હતો અને ગળાની ડાબી બાજુ ઈજા હતી. પંચોના અભિપ્રાય મુજબ, મૃતકે ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો છે.

૧૨. મેડિકલ ઓફિસરના પુરાવા અને શરીર પરની ઈજા તેમજ પી.એમ. રિપોર્ટ, ઇન્ક્વેસ્ટ પંચનામું વગેરે ધ્યાનમાં લેતા જણાય છે કે ફરિયાદપક્ષે સાબિત કર્યું છે કે મૃતક રેણુકાએ આપઘાત કર્યો છે અને ગળે ફાંસો ખાવાને કારણે તેનું મૃત્યુ થયું છે. હવે સદર કોર્ટે એ નિષ્કર્ષ પર આવવાનું છે કે શું અપીલકર્તાઓ આવા આપઘાત માટે જવાબદાર છે? ફરિયાદપક્ષ દ્વારા નીચે મુજબના પુરાવા રજૂ કરવામાં આવ્યા છે.

**આરોપીની જવાબદારી – આઈ.પી.સી.ની કલમ ૩૦૬ હેઠળનો ગુનો:**

૧૩. અપીલકર્તા તરફે વિદ્વાન વકીલે ભારપૂર્વક દલીલ કરી છે કે ફરિયાદપક્ષ આઈ.પી.સી.ની કલમ ૩૦૬ હેઠળનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયું છે. તે હેતુ માટે તેમણે મૃતક રેણુકાના મૃત્યુ પહેલાં તેની સાથે આચરવામાં આવેલી ક્રૂરતા અંગે આંક ૧૫ પરના મુખ્ય સાક્ષી એટલે કે ફરિયાદપક્ષના સાક્ષી–૩ – ઈચ્છાબેનની જુબાની તરફ ધ્યાન દોર્યું. ફરિયાદપક્ષના સાક્ષી–૩ – ઈચ્છાબેને તેમની જુબાનીમાં ફકરા ૩ માં જણાવ્યું કે જ્યારે તેઓ અપીલકર્તા આરોપી નં. ૧

– મૃતક રેણુકાના પતિના ઘરે હતા, ત્યારે તેમણે તેમને પૂછ્યું કે બનાવ કેવી રીતે બન્યો જેના જવાબમાં તેમણે કહ્યું કે મૃતકે તેમને તેમની (ઈચ્છાબેન) પાસેથી ચણિયાચોળી અને ચેઈન લાવી આપવાનો આગ્રહ કર્યો હતો, તે સમયે તેમણે મૃતક રેણુકાને લાફો માર્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી છે કે લાફાનો આ કહેવાતો બનાવ ઉપજાવી કાઢેલ છે અને તે તેના દ્વારા ખોટી રીતે રજૂ કરવામાં આવ્યો છે.

૧૪. અપીલકર્તા તરફે વિદ્વાન વકીલે નીચેના ચુકાદાઓનો સંદર્ભ આપ્યો છે અને તેના પર આધાર રાખ્યો છે:

(એ) (૨૦૦૨) ૫ એસ.સી.સી. ૩૭૧ – સંજુ ઉર્ફે સંજય સિંહ સેંગર વિરુદ્ધ સ્ટેટ ઓફ એમ.પી.

(બી) ૨૦૧૯ (૧) સ્કેલ ૪૯૨ – રાજેશ વિરુદ્ધ સ્ટેટ ઓફ હરિયાણા

(સી) ૨૦૧૯ (૧૬) સ્કેલ ૬૩૪ – ગુરજીત સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ પંજાબ

(ડી) (૨૦૦૩) ૩ એસ.સી.સી. ૩૫૫ – રાજીવન અને અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરળ

(ઈ) (૨૦૧૨) ૨ એસ.સી.સી. ૩૪ – કૈલાશ ગૌર અને અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ આસામ

**[એ]** માનનીય સર્વોચ્ચ અદાલતે સંજુ ઉર્ફે સંજય સિંહ સેંગર (ઉપર મુજબ) ના કેસમાં ચુકાદામાં ફકરા ૧૨ અને ૧૪ માં નીચે મુજબ અવલોકન કર્યું છે:

> *"૧૨. કેસની હકીકતો પર પાછા ફરતાં, નીચેની બંને કોર્ટોએ ભૂલથી ફરિયાદપક્ષની એ વાર્તા સ્વીકારી લીધી છે કે મૃતક દ્વારા કરવામાં આવેલ આપઘાત એ તારીખ ૨૫મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ થયેલા ઝઘડાનું સીધું પરિણામ છે જેમાં એવો આક્ષેપ છે કે અપીલકર્તાએ અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો અને મૃતકને 'જા અને મરી જા' તેમ કહ્યું હતું. આ માટે, કોર્ટોએ મૃતકના ભાઈ શશી ભૂષણના સીઆર.પી.સી.ની કલમ ૧૬૧ હેઠળના નિવેદન પર આધાર રાખ્યો હતો જ્યારે મૃતક અપીલકર્તાના ઘરેથી પાછા આવ્યા બાદ તેને જણાવ્યું હતું કે અપીલકર્તાએ તેનું અપમાન કર્યું હતું અને ગંદી ભાષામાં ગાળો આપી હતી. સીઆર.પી.સી.ની કલમ ૧૬૧ હેઠળ નોંધાયેલ શશી ભૂષણનું નિવેદન આ અપીલમાં એનેક્ષર પી–૩ તરીકે જોડવામાં આવ્યું છે અને સદર નિવેદન જોતાં, અમને જણાયું છે કે તેણે એવું જણાવ્યું નથી કે મૃતકે તેને કહ્યું હતું કે અપીલકર્તાએ તેને 'જા અને મરી જા' તેમ કહ્યું હતું. જો અમે ફરિયાદપક્ષની વાર્તા સ્વીકારીએ કે અપીલકર્તાએ મૃતકને 'જા અને મરી જા' તેમ કહ્યું હતું, તો પણ તે પોતે 'દુષ્પ્રેરણ' નું તત્વ બનતું નથી. 'દુષ્પ્રેરણ' શબ્દ કોઈ ઉગ્ર અથવા અયોગ્ય કાર્ય કરવા માટે ઉશ્કેરવા અથવા આગ્રહ કરવા અથવા ઉત્તેજન આપવા અથવા ઉશ્કેરવાનો નિર્દેશ કરે છે. તેથી, ગુનાહિત માનસની*

હાજરી એ દુષ્પ્રેરણનો આવશ્યક ભાગ છે. એ સામાન્ય જ્ઞાન છે કે ઝઘડામાં અથવા આવેશની પળમાં બોલાયેલા શબ્દો ગુનાહિત માનસ સાથે બોલાયેલા માની શકાય નહીં. તે ગુસ્સા અને આવેશમાં બોલાયેલા હોય છે. બીજું કે, મૃતકને કહેવામાં આવેલા કથિત અપમાનજનક શબ્દો તારીખ ૨૫મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ થયેલા ઝઘડા બાદ બોલાયા હતા. મૃતક તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ લટકતો મળી આવ્યો હતો. એમ માની લઈએ કે મૃતકે અપમાનજનક ભાષાને ગંભીરતાથી લીધી હતી, તો પણ તેની પાસે વિચારવા અને મનન કરવા માટે વચ્ચે પૂરતો સમય હતો અને તેથી, એવું કહી શકાય નહીં કે તારીખ ૨૫મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ અપીલકર્તા દ્વારા ઉપયોગમાં લેવાયેલી અપમાનજનક ભાષાએ મૃતકને આપઘાત કરવા માટે પ્રેરિત કર્યો હતો. તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ મૃતક દ્વારા કરવામાં આવેલ આપઘાત તારીખ ૨૫મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ અપીલકર્તા દ્વારા ઉચ્ચારવામાં આવેલી અપમાનજનક ભાષા સાથે નિકટતા ધરાવતો નથી. મૃતકે તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ આપઘાત કર્યો તે હકીકત જ સ્પષ્ટપણે દર્શાવે છે કે તે તારીખ ૨૫મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ થયેલા ઝઘડાનું સીધું પરિણામ નથી જ્યારે એવો આક્ષેપ છે કે અપીલકર્તાએ અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો અને મૃતકને જા અને મરી જા તેમ પણ કહ્યું હતું. આ હકીકત નીચેની કોર્ટોના ધ્યાન બહાર રહી ગઈ હતી.

*૧૪. ...ઉપરોક્ત સંજોગોને સ્વતંત્ર રીતે જોતાં, અમારો સ્પષ્ટ મત છે કે આઈ.પી.સી.ની કલમ ૩૦૬ હેઠળના ગુના માટે હાલના કેસમાં 'દુષ્પ્રેરણા' ના તત્વો સંપૂર્ણપણે ગેરહાજર છે. પત્નીના નિવેદનમાં છે કે મૃતક હંમેશા નશાની હાલતમાં રહેતો હતો. એ સામાન્ય જ્ઞાન છે કે વધુ પડતો નશો વ્યક્તિને દુરાચાર તરફ દોરી જાય છે. તેથી, સ્પષ્ટ જણાય છે કે મૃતક તેના પોતાના આચરણનો ભોગ બન્યો હતો જે તારીખ ૨૫મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ થયેલા ઝઘડા સાથે અસંબંધિત હતું જ્યાં અપીલકર્તાએ અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો હોવાનું કહેવાય છે. રેકર્ડ પરની સમગ્ર સામગ્રી અને કેસની હકીકતો તથા સંજોગોને ધ્યાનમાં લેતાં, તે અનિવાર્ય નિષ્કર્ષ પર દોરી જશે કે મૃતક અને માત્ર તે જ, અને અન્ય કોઈ નહીં, તેના મૃત્યુ માટે જવાબદાર છે."*

[બી] માનનીય સર્વોચ્ચ અદાલતે રાજેશ (ઉપર મુજબ) ના કેસમાં ચુકાદામાં ફકરા ૮, ૯, ૧૦ અને ૧૧ માં નીચે મુજબ અવલોકન કર્યું છે:

*"૮. આરોપી તરફથી બનાવના સમયની નજીકનું કોઈ હકારાત્મક કૃત્ય ન હોય કે જેનાથી વ્યક્તિ આપઘાત કરવા માટે દોરાઈ ગઈ હોય કે મજબૂર થઈ હોય, તેવા સંજોગોમાં માત્ર કનડગતના આક્ષેપ પર આઈ.પી.સી.ની કલમ ૩૦૬ હેઠળ દોષિત ઠરાવતો હુકમ ટકી શકે તેમ નથી. આઈ.પી.સી.ની કલમ ૩૦૬ ની મર્યાદામાં કેસ લાવવા માટે, આપઘાતનો કેસ હોવો જોઈએ અને સદર ગુનો કરવામાં, જે વ્યક્તિએ આપઘાત કરવા*

માટે દુષ્પ્રેરણા કરી હોવાનું કહેવાય છે તેણે ઉશ્કેરણીનું કૃત્ય કરીને અથવા આપઘાત કરવામાં સરળતા રહે તેવું કોઈ ચોક્કસ કૃત્ય કરીને સક્રિય ભૂમિકા ભજવી હોવી જોઈએ. તેથી, સદર ગુનાનો આરોપ ધરાવનાર વ્યક્તિ દ્વારા દુષ્પ્રેરણાના કૃત્યને આઈ.પી.સી.ની કલમ ૩૦૬ હેઠળ દોષિત ઠરાવતા પહેલાં ફરિયાદપક્ષ દ્વારા સાબિત અને પ્રસ્થાપિત કરવું આવશ્યક છે. (જુઓ અમલેન્દુ પાલ ઉર્ફે ઝંટુ વિરુદ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બંગાળ૧).

૯. આઈ.પી.સી.ની કલમ ૧૦૭ હેઠળ ઉશ્કેરણી શબ્દને ચિત્રેશ કુમાર ચોપરા વિરુદ્ધ સ્ટેટ (ગવર્નમેન્ટ ઓફ એનસીટી ઓફ દિલ્હીર) માં નીચે મુજબ સમજાવવામાં આવ્યો છે:

"૧૬. રમેશ કુમારના કેસ [(૨૦૦૧) ૯ એસ.સી.સી. ૬૧૮ : ૨૦૦૨ એસ.સી.સી. (ક્રિ.) ૧૦૮૮] માં ત્રણ જજોની બેંચ માટે બોલતા, આર.સી. લાહોટી, જસ્ટિસ (તે સમયે તેમના લોર્ડશિપ) એ જણાવ્યું હતું કે ઉશ્કેરણી એટલે "કોઈ કૃત્ય" કરવા માટે ઉશ્કેરવું, આગળ ધપાવવું, ઉશ્કેરણી કરવી, પ્રેરિત કરવું કે પ્રોત્સાહિત કરવું. "ઉશ્કેરણી" ની જરૂરિયાત સંતોષવા માટે, જો કે તે અસર માટે વાસ્તવિક શબ્દોનો ઉપયોગ કરવો જરૂરી નથી અથવા જે "ઉશ્કેરણી" બને છે તે અનિવાર્યપણે અને ચોક્કસપણે પરિણામ સૂચવતું હોવું જરૂરી નથી. તેમ છતાં પરિણામને પ્રેરિત કરવા માટે વ્યાજબી નિશ્ચિતતા તારવી શકાય તેવી હોવી

જોઈએ. જ્યાં આરોપીએ, તેના કૃત્યો કે લોપ દ્ધારા અથવા આચરણના સતત પ્રવાહ દ્ધારા, એવા સંજોગો ઊભા કર્યા હોય કે જેથી મૃતક પાસે આપઘાત કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન રહ્યો હોય, તેવા કિસ્સામાં, "ઉશ્કેરણી" નું અનુમાન કરી શકાય. વાસ્તવિક પરિણામો લાવવાના ઈરાદા વિના ગુસ્સા કે આવેશના આવેગમાં ઉચ્ચારેલો શબ્દ ઉશ્કેરણી કહી શકાય નહીં.

૧૭. આમ, "ઉશ્કેરણી" કરવા માટે, કોઈ વ્યક્તિ જે બીજાને ઉશ્કેરે છે તેણે બીજા દ્ધારા "ઉશ્કેરીને" અથવા "આગળ ધપાવીને" કોઈ કૃત્ય કરવા માટે પ્રેરિત, ઉશ્કેરણી, આગ્રહ કે પ્રોત્સાહન આપવાનું રહે છે. અંગ્રેજી શબ્દ "*goad*" નો શબ્દકોશ અર્થ છે "એવી વસ્તુ જે કોઈને કાર્ય કરવા માટે ઉત્તેજિત કરે છે; કાર્ય અથવા પ્રતિક્રિયા માટે ઉશ્કેરે છે" (જુઓ કન્સાઈઝ ઓક્સફર્ડ ઈંગ્લિશ ડિક્શનરી); "કોઈ પ્રતિક્રિયા ન આપે ત્યાં સુધી તેને સતત ચીડવવું અથવા ત્રાસ આપવો" (જુઓ ઓક્સફર્ડ એડવાન્સ્ડ લર્નર્સ ડિક્શનરી, ૭મી આવૃત્તિ)."

૧૦. કોઈપણ ઈરાદા વિના ગુસ્સા કે લોપના આવેગમાં ઉચ્ચારેલા શબ્દોને ઉશ્કેરણી કહી શકાય નહીં. (જુઓ પ્રવીણ પ્રધાન વિરુદ્ધ સ્ટેટ ઓફ ઉત્તરાંચલ.

*૧૧. અમારો મત છે કે રેકર્ડ પરના પુરાવા આઈ.પી.સી.ની કલમ ૩૦૬ હેઠળ અપીલકર્તાને દોષિત ઠરાવવાનું વાજબી ઠેરવતા નથી. સપ્ટેમ્બર, ૨૦૦૧ માં યોજાયેલી પંચાયત અને તારીખ ૨૩.૦૨.૨૦૦૨ ના રોજ અરવિંદ દ્વારા કરવામાં આવેલા આપઘાત વચ્ચે કોઈ નિકટતા નથી. સપ્ટેમ્બર, ૨૦૦૧ માં અપીલકર્તા દ્વારા લાફો મારવાનો બનાવ મૃતકને આપઘાત કરવા માટે ઉશ્કેરવા માટે તેને જવાબદાર ઠેરવવાનો એકમાત્ર આધાર બની શકે નહીં. ત્રણેય આરોપીઓ સામેના આક્ષેપો સમાન હોવાથી, હાઈકોર્ટે અન્ય બે આરોપીઓને નિર્દોષ છોડી મૂક્યા પછી અપીલકર્તાને દોષિત ઠરાવવા જોઈતા ન હતા."*

**[સી]** માનનીય સર્વોચ્ચ અદાલતે ગુરજીત સિંહ (ઉપર મુજબ) ના કેસમાં ચુકાદામાં ફકરા ૨૭, ૩૩ અને ૩૪ માં નીચે મુજબ અવલોકન કર્યું છે:

*"૨૭. આમ જોઈ શકાય છે કે, રમેશ કુમાર (ઉપર મુજબ) ના કેસમાં સદર કોર્ટની ત્રણ જજોની બેંચ દ્વારા લેવામાં આવેલ દ્રષ્ટિકોણ કે જ્યારે કોઈ કેસ બીજા અથવા ત્રીજા ખંડ હેઠળ આવતો નથી, ત્યારે તેનો નિર્ણય પ્રથમ ખંડના સંદર્ભમાં કરવાનો રહે છે, એટલે કે શું આરોપીએ ઈરાદાપૂર્વક તેને આપઘાત કરવા માટે ઉશ્કેરીને આપઘાતની દુષ્પ્રેરણા કરી છે; તેનું સતત પાલન કરવામાં આવ્યું છે. તેથી, અમારો મત છે કે માત્ર એટલા માટે કે આરોપી આઈ.પી.સી.ની કલમ ૪૯૮એ હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે દોષિત જણાયો છે અને મૃત્યુ લગ્નના સાત વર્ષના સમયગાળાની અંદર*

થયું છે, તો એવિડન્સ એક્ટની કલમ ૧૧૩એ હેઠળની ધારણાનો ઉપયોગ કરીને આરોપીને આઈ.પી.સી.ની કલમ ૩૦૬ હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે આપોઆપ દોષિત ઠેરવી શકાય નહીં. જ્યાં સુધી ફરિયાદપક્ષ એ સાબિત ન કરે કે આરોપીના કોઈ કૃત્ય અથવા ગેરકાયદેસર લોપે મૃતકને આપઘાત કરવા માટે મજબૂર કર્યો હતો, ત્યાં સુધી કલમ ૩૦૬ હેઠળનો દોષિત ઠરાવતો હુકમ ટકી શકે નહીં.

૩૩. ઉપરોક્ત સિદ્ધાંતો હાલના કેસમાં લાગુ કરતાં, અમને જણાય છે કે જોકે ફરિયાદપક્ષ આઈ.પી.સી.ની કલમ ૪૯૮એ હેઠળનો કેસ સાબિત કરવામાં સફળ રહ્યું છે, તેમ છતાં અમારો મત છે કે ફરિયાદપક્ષ એ સાબિત કરવામાં નિષ્ફળ ગયું છે કે ક્રૂરતા એવા પ્રકારની હતી કે જેનાથી મૃતક પાસે આપઘાત કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન રહ્યો હોય. ફરિયાદપક્ષ રેકર્ડ પર એવો કોઈ પુરાવો રજૂ કરવાની સ્થિતિમાં નથી કે જે વાજબી શંકાથી પર સાબિત કરી શકે કે આરોપીના કોઈ કૃત્ય કે લોપે મૃતકને આપઘાત કરવા માટે ઉશ્કેર્યો હતો. રેકર્ડ પર એવી કોઈ સામગ્રી નથી જે દર્શાવે કે મૃતકે આપઘાત કર્યો તેની તરત જ પહેલાં આરોપી દ્વારા મૃતક સાથે ક્રૂરતા આચરવામાં આવી હતી જેના કારણે મૃતક પાસે આપઘાત કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન રહ્યો હોય. અમારો મત છે કે, ધારણા ઊભી કરવાના હેતુ માટે ક્રૂરતા અને આપઘાત વચ્ચે કારણ

*અને પરિણામનો સંબંધ પ્રસ્થાપિત કરવા માટે રેકર્ડ પર કોઈ સામગ્રી રજૂ કરવામાં આવી નથી.*

*૩૪. રેકર્ડ પરના પુરાવા પરથી વધુમાં જોઈ શકાય છે કે ગેરકાયદેસર માંગણીના સંબંધમાં મૃતકની તેના માતા-પિતાની છેલ્લી મુલાકાત અને આપઘાત કરવાની તારીખ વચ્ચેનો સમયગાળો આશરે બે મહિનાનો છે. તેથી, રેકર્ડ પર એવું દર્શાવવા માટે કંઈ નથી કે આપઘાત કરવા અને અપીલકર્તા દ્વારા કરવામાં આવેલી ગેરકાયદેસર માંગણી વચ્ચે કોઈ નિકટનો સંબંધ હતો. સંજુ ઉર્ફે સંજય સિંહ સેંગર વિરુદ્ધ સ્ટેટ ઓફ એમ.પી.ના કેસમાં સદર કોર્ટે જોયું હતું કે આરોપી દ્વારા મૃતકને 'જા અને મરી જા' કહેવા અને મૃતક દ્વારા 'આપઘાત કરવા' વચ્ચે ૪૮ કલાકનો સમયગાળો હતો. તેથી, સદર કોર્ટે ઠરાવ્યું હતું કે આરોપીએ મૃતક દ્વારા કરવામાં આવેલા આપઘાતમાં દુષ્પ્રેરણા કરી હતી તે સાબિત કરવા માટે કોઈ સામગ્રી ન હતી. [(૨૦૦૨) ૫ એસ.સી.સી. ૩૭૧]"*

[ડી] માનનીય સર્વોચ્ચ અદાલતે રાજીવન અને અન્ય (ઉપર મુજબ) ના કેસમાં ચુકાદામાં ફકરા ૪, ૧૪, ૧૬ માં નીચે મુજબ અવલોકન કર્યું છે:

*"૪. કે સ્થાનિક સબ-ઈન્સ્પેક્ટર બનાવના અડધા કલાકની અંદર બનાવના સ્થળે પહોંચી ગયા હતા. તેઓ પાછા ગયા હતા અને પોલીસ સ્ટેશનમાં નિભાવવામાં આવતી જનરલ ડાયરીમાં ઘર્ષણ અંગેની સંક્ષિપ્ત*

નોંધ કરી હતી. ફરિયાદપક્ષના સાક્ષી–૧ જેઓ હોસ્પિટલ ગયા હતા તેઓ તારીખ ૨૯–૧૨–૧૯૮૭ ના રોજ પાછા આવ્યા હતા અને સવારે ૭.૪૦ વાગ્યે એફઆઈઆર નોંધાવી હતી. તે તારીખ ૩૦–૧૨–૧૯૮૭ ના રોજ સાંજે ૫.૪૦ વાગ્યે કોર્ટમાં મોકલવામાં આવી હતી. તપાસ પૂર્ણ કર્યા બાદ પોલીસે ઉપરોક્ત હકીકતો પર ચાર્જશીટ રજૂ કરી હતી.

૧૪. અપીલકર્તાઓ તરફે વિદ્ધાન વકીલ દ્ધારા આશંકા વ્યક્ત કર્યા મુજબ, પાછળથી વિચારીને કદાચ રાજકીય કડવાશના કારણે અપીલકર્તાઓને પાછળથી સંડોવી દેવાની શક્યતા નકારી શકાય નહીં. આ હકીકત એફઆઈઆર મેજિસ્ટ્રેટ સમક્ષ વિલંબથી રજૂ કરવા, એફઆઈઆરના આંક પી૩૦ કાઉન્ટર ફોઈલમાં કોરા કાગળો અંગે પોલીસ અધિકારી દ્ધારા આપવામાં આવેલ અસંતોષકારક ખુલાસા અને ફરિયાદપક્ષના સાક્ષી–૧ દ્ધારા આંક પી૧ ના નિવેદનના નીચેના ભાગમાં નજીક નજીક લખેલા લખાણથી વધુ દ્રઢ બને છે. ઉપર જણાવેલા સદર કોર્ટના ચુકાદાઓ સાથે વંચાણે લેતાં આ તમામ વાસ્તવિક સંજોગો એ નિષ્કર્ષ તરફ દોરી જાય છે કે હાલના કેસમાં એફઆઈઆર પર આધાર રાખવો સલામત નથી. પોલીસ સ્ટેશન બનાવના સ્થળથી માત્ર ૧૦૦ મીટરના અંતરે આવેલું હોવા છતાં હાલના કેસમાં એફઆઈઆર નોંધાવવામાં થયેલ ૧૨ કલાકનો વિલંબ એ એફઆઈઆરની વાસ્તવિકતા પર શંકા કરવા માટે પૂરતું અન્ય એક

*પરિબળ છે. વધુમાં, ફરિયાદપક્ષે મેજિસ્ટ્રેટ સમક્ષ એફઆઈઆર નોંધાવવામાં થયેલા વિલંબ અંગે સંતોષકારક ખુલાસો આપ્યો નથી.*

*૧૬. ટ્રાયલ કોર્ટ દ્વારા ધ્યાનમાં લેવાયેલ વધુ એક પાસું એ હતું કે જોકે ફરિયાદપક્ષના સાક્ષી–૨૮ (પોલીસ એસ.આઈ.) અથડામણની માહિતી મળતાં અડધા કલાકની અંદર સ્થળ પર પહોંચી ગયા હતા અને જોકે તેમની પાસે બનાવની નિશ્ચિત માહિતી અને વિગતો હતી જે તેમણે જનરલ ડાયરી (આંક પી–૩૨) માં નોંધી હતી, તેમ છતાં હુમલાખોરોના નામ જાણીતા ન હોવાના દેખીતા કારણસર એફઆઈઆર નોંધવામાં આવી ન હતી."*

[ઈ] માનનીય સર્વોચ્ચ અદાલતે કૈલાશ ગૌર અને અન્ય (ઉપર મુજબ) ના કેસમાં ચુકાદામાં ફકરા ૩૮.૮, ૩૯ અને ૪૦ માં નીચે મુજબ અવલોકન કર્યું છે:

*"૩૮.૮ શ્રી બી.એન. કલિતા (ફરિયાદપક્ષના સાક્ષી–૭) જેઓ કેસના તપાસ કરનાર અધિકારી છે તેમના જણાવ્યા મુજબ જ્યારે તેઓ તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૨ ના રોજ સ્થળ પર પહોંચ્યા ત્યારે તાહેરુદ્દીન દ્વારા તેમને લેખિત એજાહર રજૂ કરવામાં આવી હતી. જો તેમ હોત, તો અધિકારીએ ઓછામાં ઓછું એ કરવાનું હતું કે તે એજાહરને બનાવ અંગેના પ્રથમ માહિતી અહેવાલ તરીકે લેવી અને તેમાં નામ આપેલા લોકો સામે હત્યાનો કેસ નોંધવો. આ દેખીતી રીતે કરવામાં આવ્યું ન હતું.*

